**અત્યાચારનો ભોગ બનેલ ઈસમો/સાક્ષીઓને ચૂકવવામાં આવતા પ્રવાસ ભથ્થું/નિર્વાહ ભથ્થામાં વધારો કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીએસપી/૧૦૨૦૧૪/૮૨૪૯૧૧/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૪/૨૦૧૫

**વંચાણે લીધા:-**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ઠસલ/૧૦૨૦૧૩/૭૪૬૬૮૦/ઠ.

૨. કમિશનરશ્રી (આ.વિ.), ગાંધીનગરને તા:૧૮/૧૧/૨૦૧૪નો પત્ર ક્રમાંક: આવિ/સેલ/ફા.નં.૫૭૦૭/ન.બા./૨૦૧૪-૧૫/૨૭૬૦-૬૧.

**પ્રસ્તાવના:-**

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ અનુસાર અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓને તેના અથવા તેઓના આશ્રિત અને સાક્ષીઓને પ્રવાસ ભથ્થું અને નિર્વાહ ભથ્થું આપવા અંગેની યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૧૦/૧૯૯૯ના ઠરાવથી અમલમાં છે. વંચાણે લીધેલ ક્રમાંક:-૧ના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવથી આ અધિનિયમ હેઠળ અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓ સાક્ષીઓને ચુકવવામાં આવતાં રૂ.૧૦૦/-ના પ્રવાસ ભથ્થાં/નિર્વાહ ભથ્થાંમાં વધારો કરીને રૂ.૨૦૦/-કરવાની અને વાહન ભાડા પેટે ખરેખર ચૂકવેલ ભાડા મુજબની રકમ ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મંજૂરી આપવામાં આવી છે. કમિશનરશ્રી(આ.વિ.), ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:-૨ તા.૧૮/૧૧/ ૨૦૧૪ના પત્રથી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯; અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે સમાન રીતે લાગુ પડતો હોઈ અને યોજના પણ સમાન હોઈ, તેમાં એકસૂત્રતા જળવાઈ રહે તે માટે નિર્વાહ ભથ્થામાં રૂ.૧૦૦નો વધારો કરી રૂ.૨૦૦ કરવાની અને વાહન ભાડા પેટેખરેખર ચૂકવેલ ભાડા મુજબની રકમ ચૂકવવા વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં રૂ.૦.૪૦ લાખની જોગવાઈ કરવા નવી બાબત રજુ કરવામાં આવેલ, જેને વહિવટી મંજૂરી આપવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ/ જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯ના અસરકારક અમલ માટે અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓ, સાક્ષીઓને ચૂકવવામાં આવતા રૂ.૧૦૦/-ના પ્રવાસ ભથ્થાંમાં વધારો કરીને રૂ.૨૦૦/- કરવાની અને વાહન ભાડા પેટે ખરેખર ચૂકવેલ ભાડા મુજબની રકમને નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૪. આ મંજુરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૮. અન્ય શરતો વંચાણે લીધેલ ક્રમાંક:- ૧માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: હસલ/ ૧૦૨૦૧૩/૭૪૬૬૮૦/હ, મુજબ યથાવત રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૩ આયોજન,મુખ્ય સદર-૨૨૨૫, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨ અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર:૧૦, વીકેવાય-૨૦૪સમાજ શિક્ષણ શિબિર હેઠળ કરાયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બી.એસ.પરમાર)**
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આદિજાતિ વિકાસ.))ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આદિજાતિ વિકાસ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (આદિજાતિ વિકાસ.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ.) બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.).

C:\Users\Administrator\Desktop\ઠરાવ ૨૦૧૫\CH-Tharav.docx